Extra No. 77

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 9, 2026 / PHALGUNA 18, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૨૧/૨૦૨૬.-આણંદ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા(એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અટકાવવા દરખાસ્ત કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ જીલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાની હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓએ તમામ સરકારી કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા.૨૫/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર: આણંદ જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાનો વિસ્તાર

શિક્ષા : આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૧૩૫ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છું.

મે આજરોજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:24:44 IST